રાજ્યમાં શિક્ષણ માટે ૨૭૫૦૦ કરોડની ફાળવણી

ગાંધીનગર,તા. ૨૦

રાજયના નાણાંમંત્રી નીતિન પટેલે વર્ષ ૨૦૧૮-૧૯ના આ વખતના બજેટમાં રાજયના શિક્ષણ ક્ષેત્ર અને તેને આનુષંગિક સેવાઓને ધ્યાનમાં લઇ બહુ જ મહત્વની રૂ.૨૭,૫૦૦ કરોડની જોગવાઇ કરી છે કે જેથી રાજયમાં શિક્ષણનું સ્તર અને દેખાવને ઉંચે લઇ જઇ શકાય. રાજયના શિક્ષણ ક્ષેત્ર માટે સરકાર દ્વારા એકંદરે કુલ રૂ.૨૭,૫૦૦ કરોડની જોગવાઇ કરાઇ છે, તેમાં મધ્યાહ્ન ભોજન યોજના માટે રૂ.૧૦૮૧ કરોડ ફાળવવામાં આવ્યા છે. તો રાજયની પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડાઓ બાંધવા અને તેના નિર્માણ માટે રૂ.૬૭૩ કરોડની જોગવાઇ કરાઇ છે. આ સાથે જ વિદ્યાર્થીઓને નવા નમો ટેબલેટ ટોકન દરે આપવા માટે રૂ.૧૫૦ કરોડની વધુ જોગવાઇ કરવામાં આવી છે. રાજયમાં શિક્ષણનું સ્તર કથળતુ જતું હોવા અને મોંઘા શિક્ષણ સહિતના વિપક્ષના આક્ષેપોને જવાબ આપતી જોગવાઇ આ વખતના બજેટમાં રાજય સરકાર દ્વારા કરી શિક્ષણક્ષેત્રે વ્યાપેલા વિવાદને ખાળવાનો પ્રયાસ કરાયો છે. રાજયની પ્રાથમિક શાળાઓમાં વર્ષો જૂની જે મધ્યાહ્ન ભોજન યોજના ચાલે છે, તેના માટે આ વર્ષના બજેટમાં રૂ.૧૦૮૧ કરોડ જેટલી માતબર રકમ ફાળવવામાં આવી છે કે જેથી વિદ્યાર્થીઓને આરોગ્યપ્રદ અને પોષણક્ષમ આહાર મળી શકે. રાજયમાં કન્યાઓને નિવાસી

વ્યવસ્થા માટે રૂ.૬૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. તો, અન્ન ત્રિવેણી યોજના હેઠળ અનાજ પૂરૂ પાડવા માટે રૂ.૬૮ કરોડની જોગવાઇ કરાઇ છે. ધોરણ-૬થી ૮માં રાજયની ૧૨૫૦ જેટલી શાળાઓમાં સાયન્સ સેન્ટર ઉભા કરવા માટે વિશેષ પ્રકારે રૂ.૩૭ કરોડની જોગવાઇ કરાઇ છે. વિદ્યાર્થીઓને નવા નમો ટેબલેટ રૂ.૧૦૦૦ કરોડના ટોકન દરે ફાળવવા માટે આ બજેટમાં વધારાના રૂ.૧૫૦ કરોડની જોગવાઇ કરાઇ છે. જયારે દૂધ સંજીવની યોજના માટે રૂ.૩૭૭ કરોડ જેટલી મોટી રકમની ફાળવણી કરવામાં આવી છે. બીજીબાજુ, સરકાર દ્વારા સરકારી યુનિવર્સિટી-કોલેજોના નવીનીકરણ અને રિનોવેશન માટે પણ આ વખતના બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે, જે મુજબ, સરકારી યુનિવર્સટી-કોલેજોના નવીનીકરણ પ્રોજેકટ માટે રૂ.૨૫૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. તો મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના માટે રૂ.૯૦૭ જેટલી માતબર રકમ ફાળવાઇ છે, જેનો ઉદ્દેશ ૧૪૦ લાખ વિદ્યાર્થીઓ સુધી તેનો લાભ પહોંચાડવાનો છે. આમ, સરકારે શિક્ષણ ક્ષેત્રે બહુ મોટી રકમના બજેટની જોગવાઇ કરી છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

તમને લોકોને સૂચના આપી હતી કે પ્રજાને કેશલેસ કરવાની છે.... આ તો તમે બેંકને જ કેશલેસ કરી દીધી...

જીતુભાઈના આગ્રહથી 'મા અમૃતમ્'નો વ્યાપ વધારાયો : નીતિનભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૦

મા યોજના શરૂ કરી હતી. પછી મા વાત્સલ્ય યોજના ચાલુ કરી. ગરીબ પરિવારમાં કીડની, કેન્સર, હૃદયરોગ, મગજનો રોગ, પ્રેગ્નેટ માતાને રોગ, અકસ્માત ફેક્ચર થાય ત્યારે ગરીબ અને મધ્યમ વર્ગ દવા ન કરાવી શકે, ઓપરેશન ન કરાવી શકે અને પરિવારના ઘેર જોખમ થતું હતું. એ નિવારવા માટે બે લાખની આવક સુધી બે લાખની સહાય અમે શરૂ કરેલી. પરંતુ યોજના લોકપ્રીય થઈ, બધાએ ખૂબ આવકારી એનો લાભ પણ બધાને બહુ મળે છે એટલે આ વખતે અમે એમાં વધારો કરીએ છીએ. બે પ્રકારે વધારો કરીએ છીએ. એક અઢી લાખ સુધીની લાભાર્થીની આવક હતી એ વધારીને ત્રણ લાખ સુધી કરીએ છીએ. એટલે ત્રણ લાખની આવક ધરાવતા પરિવાર આ મા વાત્સલ્ય યોજનાનો લાભ લઈ શકશે. બીજો ઉમેરો એ કર્યો કે અત્યાર સુધી બે લાખની સારવાર મફત થતી હતી. કદાચ થોડુ વધારે થાય તો પરિવારે ભોગવવું પડતું હતું એ ન ભોગવવું પડે એટલે એ પણ બે લાખથી વધારી ત્રણ લાખ કરી દીધી. એટલે આવક મર્યાદા ત્રણ લાખ અને સહાય પણ ત્રણ લાખ. અમારા પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈએ ખુબ આગ્રહ કર્યો હતો કે આમાં કંઈક કરો. તેથી એમની લાગણીને ધ્યાને લઈને આવક મર્યાદા વધારી અને સારવારની મર્યાદા હતી એમાં અમે વધારો કર્યો છે. આપણા સિનિયર સિટિઝન આપણા બધાના મા-બાપ ૬૦ વર્ષ ઉપરના હોય છે. બિમાર પડે એટલે ઘણી વખતે એ કહે કે રહેવાદોને મારે દવા નથી કરાવવી. છોકરા માટે થઈને પૈસા નથી ખર્ચવા અને કહે કે ભગવાન લઈ લે તો સારૂ. પણ અમારે એવું નથી કરવા દેવુ અમે સિનિયર સિટિઝન માટે એક નવી યોજના કરી.

પ્રાંતિયા પાસે ચાર વાહનો વચ્ચે અકસ્માત : ૧નું મોત

ટ્રેઈલર, આઈવા ટ્રક, ઈકો ગાડી અને આઈશર વચ્ચે અકસ્માત, કલાકો સુધી ટ્રાફિક જામ, આઈશર ટ્રકચાલકનું ઘટના સ્થળે મોત, બે ઈજાગ્રસ્તો સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૨૦

ચિલોડા-નરોડા હાઈ-વે પર અકસ્માતોની વણથંભી વણઝાર ચાલુ જ રહેવા પામી છે. આ માર્ગ અકસ્માતોને પગલે બદનામ થયો છે હજજારો નિર્દોષ નાગરીકોએ આ માર્ગ અકસ્માતમાં પોતાના જીવ ખોવાનો વારો આવ્યો છે. ત્યારે આજે બપોરના સુમારે ચાર વાહનો વચ્ચે અકસ્માત સર્જાતા હાહાકાર મચી જવા પામ્યો હતો. જેમાં આઈસર ટ્રક ચાલકનું ઘટના સ્થળે જ મૃત્યુ થવા પામ્યું હતું. જયારે આઈવા ટ્રક અને ઈકો કાર પલ્ટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં તમામ વાહનોનો ખુડદો બોલી ગયો હતો. ચિલોડા-નરોડા હાઈવે પર બે કલાક સુધી ટ્રાફિક જામ રહ્યો હતો. અકસ્માતની જાણ પોલીસને થતા તાત્કાલીક ઘટના સ્થળે આવી બચાવકાર્ય હાથ ધરીને ઈજાગ્રસ્તોને સારવાર માટે મોકલી આપ્યા હતા ત્યારબાદ ટ્રાફિક હળવો કર્યો હતો. એક સાથે ચાર વાહનનો વિચિત્ર અકસ્માત જોઈને નાગરીકો પણ દંગ રહી ગયા હતા.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ચિલોડા થી નરોડા હાઈ વે તરફ જઈ રહેલ આઈશર ટ્રક નં જી.જે.૦૪.ટી.-૮૪૨૪ના ચાલકે ગફલતભરી રીતે હંકારી આગળ જઈ રહેલા આઈવા (ડમ્પર) ટ્રક નં- આર.જે.૨૨.જી.બી.-૦૭૯૭ ને ટક્કર મારી હતી. જેને પગલે ટ્રેઈલરના ચાલકે કાબુ ગુમાવતા તેની આગળ જઈ રહેલા આઈવા ટ્રેઈલર નં- એચ.આર.૪૬.ઈ.-૬૮૪૪ સાથે અથડાતા ડમ્પર પલ્ટી મારી ગયું હતું. જયારે સામેથી આવી રહેલ જી.જે.૨૭.સી. ૫૫૩૬ ઈકો કાર ડમ્પરને ટકરાતા ઈકો પલ્ટી મારી ગઈ હતી. જો કે સદનસીબે ઈકો કાર તેમજ ડમ્પરમાં સવાર નાગરીકોને શરીરે સામાન્ય ઈજા પહોંચી હતી.જયારે આઈશર ટ્રક ચાલકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જયારે ટ્રેઈલરમાં સવાર ડ્રાઈવર ખુશરાજજી જંત્રાલા તેમજ કંડકટર શિવરાજજી જંત્રાલા ને શરીરે ઈજાઓ પહોંચતા તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જાતા આસપાસના નાગરીકો મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. જયારે બનાવને પગલે કલાકો સુધી ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સિનિયર સિટીઝન કાઉન્સિલ સંસ્થા યુવાન થઈ : રજતજયંતિ ઉજવશે

ઘસાઈને ઉજળા થવાના અભિગમને વેગ આપવા રજત જયંતિ મહોત્સવની ઉજવણી

ઘસાઈને ઉજળા થવાના અભિગમને વેગ આપવાના ઉમદા આશયથી કાર્યરત સિનિયર સિટીઝન કાઉન્સિલ આગામી તા. ૨૪ અને ૨૫ ફેબ્રુઆરીના રોજ રજત જયંતિ મહોત્સવની ઉજવણી કરશે. અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓના માધ્યમથી પ્રેરણારૂપ બનેલી આ સંસ્થાના રજત જયંતિ મહોત્સવ અંતર્ગત ટાઉનહોલ ખાતે વિવિધ વિષયોના તજજ્ઞોનું વ્યાખ્યાન, સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ભવ્ય શોભાયાત્રાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સિનિયર સિટીઝન કાઉન્સિલના પ્રમુખ હસમુખ શાહ, કન્વીનર જશવંત ગાંધી તેમજ રજત જયંતિ મહોત્સવની ઉજવણીના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતુ કે, છેલ્લા પચીસ વર્ષોથી અવિરત સેવા કર્મને સેવા ધર્મ સમજી પ્રવૃત્તિ કરતી સંસ્થા સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર તેનો યશસ્વી રજત જયંતિ મહોત્સવ ઉજવી રહી છે. આ સંસ્થાની નોંધણી તા. ૧૭-૨-૧૯૯૩માં થઈ છે. હાલમાં ૧૧૭૫ જેટલા સભ્યો છે. સંસ્થાની ઓફિસમાં નિયમિત પણે કારોબારી સભ્યો મળે છે. ગાંધીનગરની સૌથી સક્રિય અને સેવાભાવી આ સંસ્થા અવિરત પણે સેવા કાર્યો કરે છે.

અખિલ ભારતીય સેવા સંસ્થાઓના સંગઠન દ્વારા વર્ષ ૨૦૦૮માં દિલ્હી ખાતે આ સંસ્થાને ગૌરવ એવોર્ડ પ્રાપ્ત થયો છે. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની સ્થાપનાને ૨૫ વર્ષ પૂર્ણ થતા આગામી તા. ૨૪ અને ૨૫મી ફેબ્રુઆરીના રોજ રજત જયંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. જે અન્વયે તા. ૨૪ ફેબ્રુઆરીના રોજ રજત જયંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. જે અન્વયે તા. ૨૪ ફેબ્રુઆરીના રોજ સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે એક બેઠક યોજાશે.

રજત જયંતિ મહોત્સવ અંતર્ગત ૨૨મીએ શોભાયાત્રા

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા આગામી તા ૨૪ અને ૨૫ ફેબ્રુઆરીના રોજ સંસ્થાના રજત જયંતિ મહોત્સવની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ મહોત્સવ અંતર્ગત તા ૨૨ ફેબ્રુઆરીના રોજ ભવ્ય શોભાયાત્રાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી ગુરુવારે સે-૨૧ સ્થિત નમન એપાર્ટમેન્ટ ખાતે સંસ્થાના કાર્યાલયથી બપોરે ૩ કલાકે શોભાયાત્રા પ્રસ્થાન કરશે. આ શોભાયાત્રા સે-૨૧ -૩૦ થઈને સે-૩૦ ઝુલેલાલ મંદિર ઉપરાંત શોપિંગ સેન્ટર, સે-૨૯ શોપિંગ જલારામ મંદિર થઈને સે-૨૯ -૨૨ બસ સ્ટેન્ડ, સે-૨૨ શોપિંગ થી જૈન દેરાસરથી આગળ વધી સે-૧૭ -૨૨ પહોંચશે. સે-૧૭ શોપિંગ થઈને હનુમાન મંદિર તરફના રૂટમાં આગળ વધશે. જયાંથી ઘ માર્ગ પર યાત્રા આગળ વધશે. જે ઘ-૪ ,ઘ-૩ થી સે-૬ અને સે-૭ ના રૂટમાં આગળ વધીને ચ માર્ગ પર પહોંચશે. જયાંથી શોભાયાત્રા ચ-૩ , ચ-૫ થઈને સે-૨૧ પોલીસ સ્ટેશનથી શાકમાર્કેટના વિસ્તારમાંથી સે-૨૧ શાકમાર્કેટ થઈને સંસ્થાના કાર્યાલયે પહોંચશે. શોભાયાત્રા દરમિયાન પણ સંસ્થા દ્વારા સેવાકાર્યો હાથ ધરાશે.

જેમાં જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર ડૉ. રઘુવીર ચૌધરી ઉપસ્થિત રહેશે. બપોરે ૧૨ કલાકે ગાંધી સ્મૃતિનિધિ વ્યાખ્યાન યોજાશે. જેમાં ડૉ. રઘુવીર ચૌધરી વ્યાખ્યાન આપશે. બપોરે ૨.૩૦ કલાકે જાણીતા સાહિત્યકાર ડૉ. ચંન્દ્રકાન્ત મહેતા 'જિંદગી એટલે ઝિંદાદિલી' વિષય પર વ્યાખ્યાન આપશે. આ તબક્કે સે. ૧ સમરદર્શન આશ્રમના ગુરૂમા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ડૉ. દલપત પઢિયાર 'મૂળ રે વિનાનું ઝાડવું' એ વિષય પર પ્રકાશ પાડશે. વ્યાખ્યાન બાદ સાંજે ૬ કલાકે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જેમાં ફિલ્મી કલાકાર નરેશ કનોડિયા ગીતોનો રસથાળ રજૂ કરશે. ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમીના સહયોગથી અર્ચન ત્રિવેદી વૃંદ દ્વારા 'આનંદતરંગ' નાટક રજૂ કરાશે. તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦.૩૦ કલાકે હાસ્યમેવ જયતે વિષયને અનુલક્ષીને હાસ્ય લેખક રતિલાલ બોરીસાગર વ્યાખ્યાન આપશે. કાર્યક્રમના અંતમાં 'વરિષ્ઠતાનું ગૌરવ' વિષય પર મનસુખ સલ્લા વ્યાખ્યાન આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. વર્ષા પારેખ અને પ્રો. જૈમિની કુલકર્ણી કરશે.

સંસ્થા દ્વારા રજતજયંતિ મહોત્સવની ઉજવણીના પ્રમુખ તરીકે ભાનુપ્રસાદ પુરાણી સફળતાપૂર્વક જવાબદારી બજાવી રહ્યા છે. જ્યારે સંકલન સમિતિ રજત જયંતિ મહોત્સવના કન્વીનર તરીકે કૃષ્ણકાન્ત જહાએ કામગીરી સંભાળી છે. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના હાલમાં પ્રમુખ હસમુખભાઈ બી. શાહ, મંત્રી બી.ડી. શાહ, કોષાધ્યક્ષ હરજીવનભાઈ એમ. પંચાલ, રજત જયંતિ મહોત્સવ સમિતિના મંત્રી તરીકે મહેન્દ્રભાઈ એમ. શાહ અને અન્ય મહત્વની સમિતિઓની જવાબદારી સંભાળી રહ્યા છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી રહ્યા છે. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની મહિલા પાંખના કન્વીનર આશાબેન દોશી અને તેમની ટીમ પણ જહેમત ઉઠાવી છે.

પ્રથમ નજરે અંદાજપત્ર...

- બજેટમાં વેરાકીય આવકમાં ૨૦.૯૨ ટકાની વૃધ્ધિ અને રાજયની ઉત્પાદન ક્ષમતામાં ૧૩ ટકાની વૃધ્ધિનો આંક રજૂ
- રાજયના ખેડૂતોને ૧.૨૨ લાખ વીજ જોડાણો અપાશે
- કૃષિ અને ખેડૂતો માટે વિશેષ પ્રકારે રૂ.૬૭૫૫ કરોડની જોગવાઇ કરાઇ
- કિડની, લિવર, પેન્ક્રીઆસની સારવાર માટે પાંચ લાખ સુધીની સહાયની જાહેરાત
- મુખ્યમંત્રી અમૃતમ્ યોજનામાં ૨.૫૦ લાખની આવક મર્યાદા વધારીને રૂ.ત્રણ લાખ સુધીની કરાઇ
- યુવાઓને રોજગારીની તકો પૂરી પાડવા રૂ.૭૮૫ કરોડની જોગવાઇ કરાઇ
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ ક્ષેત્રે રૂ.૯૭૫૦ કરોડની જોગવાઇ
- શિક્ષણક્ષેત્રે રૂ.૨૭,૫૦૦ કરોડની જોગવાઇ કરાઇ
- શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ માટે રૂ.૧૨,૫૦૦ કરોડ ફાળવાયા
- જળસંપત્તિ કલ્પસર માટે રૂ.૧૪,૮૯૫ કરોડની ફાળવણી કરાઇ
- પાણી પુરવઠા માટે રૂ.૩૩૧૧ કરોડની જોગવાઇ
- માર્ગ અને મકાન માટે રૂ.૯૨૫૨ કરોડની ફાળવણી
- સામાજિક ન્યાય અધિકારીતા માટે રૂ.૩૬૪૧ કરોડની જોગવાઇ
- ગૃહવિભાગ માટે રૂ.૫૪૨૦ કરોડની ફાળવણી કરાઇ
- ન્યાય અને કાયદા ક્ષેત્રે રૂ.૧૮૧૭ કરોડ ફાળવવામાં આવ્યા
- સામાન્ય વહીવટી વિભાગ હેઠળ રૂ.૧૮૨૬ કરોડની જોગવાઇ કરવામાં આવી
- નવા ટુરીસ્ટ સ્પોટ તરીકે લોથલ અને ધોળાવીરાને વિકસાવવાની તેમ જ ગિરનારના દસ હજાર પગથિયાઓનું રિનોવેશન કરવાની જાહેરાત
- અમદાવાદ માટે વિશેષ પ્રકારે જાહેરાતો કરવામાં આવી
- અમદાવાદ-બગોદરા-રાજકોટ હાઈવે સીક્સ લેન બનાવવા રૂ.૨૭૫૪ કરોડની જોગવાઇ
- શહેરની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓના સગાઓને રહેવા માટે રૈન બસૈરા બનાવવામાં આવશે
- ઘૂંટણના રિપ્લેસમેન્ટ માટે રૂ.૪૦ હજાર અને બંને પગ માટે રૂ.૮૦ હજારની સરકારી મદદની જાહેરાત
- આ વર્ષે વધુ ૩૦ હજારથી વધુ સરકારી ભરતી કરવાની પણ જાહેરાત નાણાંમંત્રીએ કરી
- મેડિકલ કોલેજમાં વર્ચ્યુઅલ કલાસરૂમ માટે રૂ.પાંચ કરોડની જોગવાઇ
- અકસ્માતોમાં પ્રથમ ગોલ્ડન અવરમાં અમૂલ્ય જીંદગી બચાવવા માટેની વિશેષ યોજના માટે રૂ.૩૦ કરોડની જોગવાઇ
- બસ સ્ટેશનોને આધુનિક બનાવવા રૂ.૧૦૦ કરોડની જોગવાઇ
- અંતરિયાળ વિસ્તારોમાં પરિવહનની સેવા વધુ સુદ્રઢ બનાવવા ૧૬૪૦ નવી બસો સંચાલનમાં મૂકવા રૂ.૪૧૦ કરોડની જોગવાઇ
- દરિયાકાંઠના વિસ્તારોમાં બોટ એમ્બ્યુલન્સ સર્વિસ શરૂ કરવા માટે રૂ.બે કરોડની જોગવાઇ
- સ્વતંત્રતા ચળવળમાં ભાગ ભજવનાર આદિવાસી નેતાઓના યોગદાન અને આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતાં રાષ્ટ્રીય સંગ્રહાલય માટે રૂ. સાત કરોડ
- સિંહ દર્શન માટે રૂ.ત્રણ કરોડની જોગવાઇ તો, લુપ્ત પ્રજાતિઓના સંરક્ષણ માટે રૂ.ત્રણ કરોડની ફાળવણી
- વિદેશી દારૂ પરની આબકારી જકાત તેમ જ ફીના હાલના દરોમાં સુધારો કરી વધારો કરાયો
- સ્પીરીટ, બીયર, માઈલ્ડ બીયર, વાઈન તેની અવરજવરના ટેક્સમાં પણ વધારો કરાયો
- પરમીટધારકો માટે દારૂનો ટેક્સ ત્રણ ગણો વધારો કરાયો
- રક્ષાશકિત યુનિવર્સિટીના વિકાસ માટે રૂ.૪૬ કરોડની જોગવાઇ
- સરહદી વિસ્તારના ત્રણ જિલ્લાઓ માટે રૂ.૫૦ કરોડની જોગવાઇ
- અનુસૂચિતજાતિ અને નબળા વર્ગના મળીને ૩૬૦૦ વિદ્યાર્થીઓને ગુજકેટ, નીટ, પીએમટી, એનએલયુ, નીફટની પ્રારંભિક પરીક્ષાની તૈયારી માટે રૂ.૬.૭૦ કરોડ
- દિવ્યાંગોને ઈલેક્ટ્રીક સ્કુટર ખરીદવાની સહાય માટે રૂ.૧.૨૫ કરોડની જોગવાઇ
- ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોને સહાય આપવા માટે રૂ.૩૯ કરોડની જોગવાઇ
- સૌથી જૂની અખંડાનંદ આર્યુવેદ હોસ્પિટલના નવા બિલ્ડીંગ માટે રૂ.૧૦ કરોડની ફાળવણી
- ગુજરાતના આઠ મહત્વના યાત્રાધામોના વિકાસ અને સ્વચ્છતા માટે રૂ.૧૫ કરોડની જોગવાઇ
- રાજયના ધોરીમાર્ગો પર મહત્વના જંકશનો પર ફલાયઓવર બનાવવા માટે રૂ.૮૦૪ કરોડની જોગવાઇ
- રાજયમાં રેવેન્યુ સરપ્લસ વર્ષ ૨૦૧૬-૧૭માં વધીને ૫૯.૪૬ કરોડ
- ૨૦૧૬-૧૭માં ફિસ્કલ ડેફિસિટ જીએસડીપીના ૧.૪૨ ટકા જે ૨૦૧૫-૧૬માં જીએસડીપીના ૨.૨૪ ટકા
- મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ સ્કીમ હેઠળ ટ્રેનિંગ સાથે મહિને યુવાનોને ૩૦૦૦ મળશે
- નાગરિક પુરવઠાને પણ જંગી ફાળવણી કરવામાં આવી

સે-૭ સર્વેલન્સ સ્કવોર્ડની ટીમે વિદેશી દારૂ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકની સર્વેલન્સ સ્કવોર્ડની ટીમે ગોકુલપુરા રોડ પરથી પસાર થઈ રહેલી ફોર્ડ ફિએસ્ટા ગાડીમાંથી વિદેશી દારુની બોટલોનો જથ્થો પેટી નંગ-૨૦ કિ.રૂ.૧,૦૮,૦૦૦ તેમજ ફોર્ડ ફિએસ્ટા ગાડી કિ.૩,૨૦,૦૦૦ મળીને કુલ રૂ. ૪,૨૮,૦૦૦ નો મુદામાલ તેમજ બે ઈસમોની પણ અટકાયત કરી સેકટર-૭ પોલીસ મથકના પીએસઆઈ વી.એમ.દેસાઈ વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ સે-૭ પોલીસ મથકના સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ વી.એમ.દેસાઈ, અ.હે.કો. સુરપાલસિંહ, પો.કો.રતનસિંહ, મહાવીરસિંહ તેમજ નીરવકુમાર રસિકલાલ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પો.કો. મહાવીર સિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે ફોર્ડ ફિએસ્ટ્રા કાર નં જી.જે.૦૧.એચ.એમ.-૪૭૯૭ ગાડીમાં વિદેશી દારુની બોટલો ભરીને બે ઈસમો જીઆઈડીસી સર્કલથી ગોકુલપુરા થઈને પસાર થવાના છે. જેને પગલે સેકટર-૭ પોલીસ મથકની સર્વેલન્સની ટીમ વોચમાં ગોઠવાઈ ગઈ હતી. દરમિયાન બાતમીવાળી ગાડી દેખાતા તેને પકડી પાડી હતી. જેમાં ગાડી લઈને આવેલ સુદામા પ્રસાદ ધીરેન્દ્રપ્રસાદ સોની રહે, બી, ૩૫ સ્નેહકુંજ સોસાયટીની સામે ઈસનપુર, તેમજ પવનસિંહ જયપ્રકાશસિંહ રહે બી ૩૫ સ્નેહકુંજ પાસેથી વિદેશી દારુની બોટલોનો જથ્તો પેટી નંગ-૨૦ કિ.રૂ. ૧,૦૮,૦૦૦ તેમજ ફોર્ડ ગાડી કિ.રૂ.૩,૨૦,૦૦૦ સહિત કુલ કિ.રૂ. ૪,૨૮,૦૦૦ નો મુદામાદ ઝડપી પાડીને આરોપીઓની અટક કરી આગળની તપાસ પીએસઆઈ વી.એમ.દેસાઈ ચલાવી રહ્યા છે.

દબાણ વિભાગની ટીમની કામગીરીને પગલે લારી-ગલ્લાધારકોમાં ભય

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો પરથી દબાણ હટાવ કામગીરીની તંત્ર દ્વારા શરુઆત કરાઈ છે. ત્યારે આજે દબાણ વિભાગની ટીમે ત્રાટકીને ઘ-૫ થી ખ-૫, તેમજ ઘ-૨ થી ઘ-૧ તરફના માર્ગ પર ફુટપાથ પર ખડકાયેલા દબાણ દુર કર્યા છે. જયારે એલડીઆરપી પાસેથી વધુ પાંચ લારીઓ ઝપ્ત કરી છે. જયારે ઘ માર્ગ પર દબાણ ટીમ ફરતા લારી-ગલ્લા વેપારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી.

ગાંધીનગર શહેરને દબાણે અજગરી ભરડો લીધો હતો. શહેરના ફુટપાથ પર લારી ગલ્લા ધારકોએ અડીંગો જમાવ્યો હતો. જયાં નજર કરો ત્યા દબાણ જ નજરે પડતુ હતું. દબાણનો પ્રશ્ન તંત્રના માથાના દુખાવા સમાન બની ગયો હતો. ત્યારે મનપાના દબાણ વિભાગની ટીમે સપાટો બોલાવતા દબાણકારોમાં ફફળાટ વ્યાપી જવા પામ્યો છે. ત્યારે આજે મહાનગર પાલિકાની દબાણ વિભાગની ટીમના અધિકારી મહેશ મોડની આગેવાનીમાં ટીમ ફરીવાર ઘ-૫ થી ખ-૫ સુધીના માર્ગ પર અડીંગો જમાવી બેઠેલા લારી ગલ્લા ધારકો પર ત્રાટકી હતી. જેને પગલે વેપારીઓમાં દોડધામ મચી જવા પામી હતી.

એલડીઆરપી પાસેથી વધુ પાંચ લારીઓ ઝપ્ત કરી છે. જયારે બપોર બાદ ટીમ ઘ-૨ થી ઘ-૧ ના સુધીના માર્ગ પર ફુટપાથ અડીંગો જમાવી બેસતા વેપારીઓ પર તવાઈ બોલાઈ હતી. જેને પગલે વેપારીઓમાં ભય પ્રસરી જવા પામ્યો છે.